# C. U. SHAH UNIVERSITY

*(Established under Gujarat Private Universities (Amendment) Act 18 of 2013 )*

Sponsored By : WARDHMAN BHARTI TRUST A Centre of Excellence for Multi Disciplinary Research, Innovation and Culture.


નં: સીયુ/રજિ/પ/પરિપત્ર/૩૩૪/૨૦૧૫ તા. ૦૭/૦૮/૨૦૧૫

## પરિપત્ર

વિદ્યાથીઓમાં આત્મહત્યા અટકાવવા માટેના પ્રયાસો કરવા બાબતે માન. શિક્ષણમંત્રીશ્રીએ તા. ૨૩/૦૭/૨૦૧૫ ના રોજ આ બાબતે ચર્ચા માટે એક બેઠકનુ આયોજન કરેલ તે અનુસંધાને શિક્ષણ વિભાગના વંચાણમાં લીધેલ પત્ર અનુસાર વિદ્યાથીઓમાં આત્મહત્યા અટકાવવા માટે નીચે મુજબની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા રાજયની તમામ પ્રોફેશનલ અભ્યાસક્રમ ચલાવતી સરકારી/અનુદાનીત/સ્વનિર્ભર ઈજનેરી/આર્કીટેક/ફાર્મસી/એમબીએ/એમસીએ/ હોટેલ મેનેજમેન્ટ કોલેજો, પ્રાઈવેટ પ્રોફેશનલ યુનિવર્સિટીઓ તથા પોલીટેકનીકો, ટેકનીકલ હાઈસ્કૂલોના વડાઓને આથી આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.

૧. વિદ્યાથીઓમાં આત્મહત્યાનુ પ્રમાણ વધતુ જાય છે અને તેઓના અભ્યાસ ઉપરાંત અન્ય કારણોસર આત્મહત્યા કરતા હોય છે. આત્મહત્યા પૂર્વે કેટલાક એવા લક્ષણો પ્રગટ થાય છે કે તેની જાણ અન્ય વ્યકિતને થાય અને તે આત્મહત્યા કરવાનુ વિચારનાર વ્યકિતને જરુરી કાઉન્સેલીંગ પુરુ પાડે તો આત્મહત્યાનો બનાવ અટકાવી શકાય તેમ છે. આ માટે સ્વેચ્છાએ કામ કરવા ઈચ્છતા ખાનગી મનોચિકિત્સકો, માનસશાસ્ત્રી, ઉપરાંત મેડીકલ કોલેજના મનોચિકિત્સકો તથા માનસશાસ્ત્ર ભણાવતા કોલેજના પ્રોફેસરો વિગેરેની મદદ લઈ આપની કોલેજ કક્ષાએ તમામ અધ્યાપકો માટે એક દિવસની તાલીમ/વર્કશોપનુ આયોજન કરવુ.

૨. સુરક્ષા સેતુ યોજના અંતર્ગત સમગ્ર ગુજરાત રાજય માટે કામ કરતી જીવન આસ્થા હેલ્પ લાઈનના કર્મચારીઓ પણ આવા કાર્યક્રમ માટે સહાયભૂત થશે માટે તેઓની પણ મદદ લઈ શકાશે. તથા આસ્થા હેલ્પલાઈનના નંબરોમેળવી સ્પષ્ટ રીતેવાંચી શકાય તેમ તમામ ડીપાર્ટમેન્ટમાં નોટીસ બોર્ડ પર મૂકવા.

૩. આ માટે સંસ્થા કક્ષાએ એક કાઉન્સેલીંગ કમિટીની રચના કરવી.

૪. વિદ્યાથીઓમાં આત્મહત્યા નિવારણ માટે અધ્યાપકો વિગેરેને સંવેદનશીલ બનાવવા તથા આત્મહત્યાનો વિચાર કરનાર વ્યકિતને પ્રથમથી જ ઓળખી લઈ કાઉન્સેલીંગની વ્યવસ્થા તરફ દોરી જઈ આત્મહત્યા અટકાવવા માટે ઘટિત પ્રયાસો કરવા.

ઉપર્યુકત કાર્યવાહિ અંતર્ગત વંચાણે લીધેલ પત્રો, (૧) કમીશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજય ક્રમાંક–સીટીઈ/સુરક્ષાસેતુ/૨૦૧૫/ક(૪)/૧૭૮૩૩ તા. ૩૦/૦૭/૨૦૧૫ અને (૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરતનો ક્રમાંક– અ/હેલ્પલાઈન/૫૬૪/૨૦૧૫ તા. ૧૨/૦૨/૧૫.

(ડૉ. વેદ વ્યાસ દ્વિવેદી)
રજિસ્ટ્રાર

નકલ રવાના:–
સી. યુ. શાહ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો તરફ


Surendranagar - Ahmedabad State Highway, Nr. Kothariya Village, Wadhwan City - 363030 Dist : Surendranagar, GUJARAT State (INDIA)
Ph. : 02752 - 294005/294004, Fax : 02752 - 247712, Email : registrar@cushahuniversity.org Web : www.cushahuniversity.ac.in